# પ્રેસ નોટ ઃ

## "સેકટર.૨ સ્કોર્ડે ત્રણ આરોપીઓ સોનાના દાગીના, લેપટોપ અને મોબાઇલ ફોન નંગ.૯ સહિત રૂ.૪,૬૮,૦૭૧/- ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ૧૦ ગુનાનો ભેદ ઉકેલ્યા"

સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી મનોજ શશીધર સેકટર.૨ અ'વાદ શહેર નાઓએ સેકટર.૨ સ્કોડના પોસઇ એચ.વી.સીસારા તથા માણસોને આપેલ સુચના આધારે સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન સ્કોર્ડને મળેલ ખાનગી અને ચોકકસ આધારભુત બાતમી હકિકત આધારે કુબેરનગર, નહેરુનગર પાસે આવેલ આદેશ સ્કુલના મેદાનમાં ખુલ્લી જગ્યામાંથી (૧) રાહુલ ઉર્ફે ભુરીયો સાગરસિંગ હિરાસિંગ તોમર ઉવ.૨૧ રહે.સોહનલાલની ચાલી, લીલાનગર, નિકોલ, અમદાવાદ (૨) અલ્પેશ રામચંદ્ર દિપાજી પ્રજાપતિ ઉવ.૨૦ રહે.મકાન નં.ડી/૧૩૫, તેજેન્દ્રપ્રકાશ સોસાયટી, ગાયત્રી સ્કુલ રોડ, ખોડીયાર નગર, ઓઢવ, અમદાવાદ (૩) વિકકી છોટુભાઇ દયારામ કોળી ઉવ.૨૧ રહે.રોનકનગરની ચાલી, બાગે ફીરદોશ પોલીસ લાઇનની બાજુમાં, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ નાઓને ચોરીના મુદ્દામાલ સાથે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી ૧૧૯/૬૨૦ ગ્રામ સોનાના દાગીના, લેપટોપ, મોબાઇલ ફોન નંગ.૯ તથા બે મોટર સાયકલ મળી કુલ્લે કિ.રૂ.૪,૬૮,૦૭૧/- નો મુદ્દામાલ કબ્જે કરી ૮ ગુનાનો ભેદ ઉકેલી ત્રણેય આરોપીઓને સરદારનગર પોસ્ટે સોંપવાની તજવીજ હાથ ધરેલ છે.

પકડાયેલ આરોપીઓ રાત્રીના સમયે ૨ થી ૪ વાગ્યાના સમય દરમ્યાન નરોડા, કૃષ્ણનગર, સરદારનગર, માધુપુરા, યુનિવર્સીટી, વસ્ત્રાપુર વિસ્તારમાંથી લેપટોપ, સોનાચાંદીના દાગીના, મોંઘા મોબાઇલ ફોન, રોકડ નાણાંની ચોરી કરેલાની કબુલાત કરે છે અને છેલ્લા છ માસથી અલગ અલગ વિસ્તારમાં ચોરીઓ કરેલ છે આરોપીઓ પૈકી નં (૧) રાહુલ ઉર્ફે ભુરીયો તોમર નાનો મુખ્ય સુત્રધાર છે અને પોતે ઘરમાં પ્રવેશ કરવા માટે ઘરની પાછળની દિવાલનો, પાણીની પાઇપનો ઉપયોગ કરતો અને ઘરમાં પ્રવેશ કરી સુતેલા મકાન માલીકોની વચ્ચે ચુપચાપ ચોરી કરતો તે દરમ્યાન નં (૨) અલ્પેશ પ્રજાપતી પોતાના નવા મોટર સાયકલ ઉપર તૈયાર રહેતો અને નં (૩) વિકકી કોળી નો ઘરની આજુબાજુ હાજર રહેતો હતો, પુછપરછ દરમ્યાન જાણવા મળેલ છે કે, ત્રણેય ઇસમો પોતાના મોજશોખ પુરા કરવા ચોરીઓ કરતાં હતાં અને ચોરીમાં મળેલ મુદ્દામાલ વેચી નં (૧) તથા (૨) નાને બાઇકની પણ ખરીદ કરેલ છે.આરોપીઓના ગુનાહિત ઇતિહાસમાં નં (૧) તથા (૨) બાપુનગર પોલીસ સ્ટેશનમાં મારામારીના ગુનામાં પકડાયેલ છે તથા નં (૩) નરોડા પોલીસ સ્ટેશનમાં મોબાઇલ ચોરીના ગુનામાં પકડાયેલ છે.

આરોપી નં (૧) રાહુલ ઉર્ફે ભુરીયો ધોરણ.૧૧ સુધી ભણેલ છે અને એમ્બ્રોડરીનુ કામ કરે છે અને મુળ પોરસા, મધ્ય પ્રદેશનો વતની છે, તથા નં (૨) અલ્પેશ પ્રજાપતી ધોરણ.૧૦ સુધી ભણેલ છે અને ઇન્ટરલોકનુ કામ કરે છે અને મુળ સોજત રોડ, રાજસ્થાનનો વતની છે તથા નં (૩) વિકકી કોળી ધોરણ.૯ સુધી ભણેલ છે અને છુટક મજુરી કામ કરે છે અને મુળ લાલગંજ, ઉત્તરપ્રદેશનો વતની છે.

આમ ઉપરોક્ત પકડાયેલ ત્રણેય આરોપીઓએ સરદારનગરના કુબેરનગર વિસ્તારમાંથી તા.૪.૧૧.૧૫ ની રાત્રીના સમયે નરેશ સિન્ધીના ઘરમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ તથા મોબાઇલ ફોન મળી રૂ.૫,૦૭,૫૦૦/- ની ચોરી થયેલ હતી જે ગુના અન્વયે બાતમી હકિકત મેળવી ચોરી કરનાર ત્રણેય ઇસમોની ઉપરોક્ત તમામ મુદ્દામાલ સાથે ધરપકડ કરી, જેમાં વધુ પુછપરછ કરતાં આ આરોપીઓએ કુલ્લે - ૧૦ ગુનાની કબુલાત કરેલ છે ત્રણેય વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે, ઉપરોક્ત આરોપીઓએ આ સિવાય અન્ય કોઇ ગુનાઓ આચરેલ છે કે કેમ તેમજ અન્ય ગુનાઓમાં ગયેલ મુદ્દામાલ કયા સંતાડેલ છે અને કોને વેચેલ છે તેમજ અન્ય કોઇ આરોપી ઉપરોક્ત ગુનાઓમાં સંડોવાયેલ છે કે કેમ તે દિશામાં હાલ તપાસ ચાલુ છે.

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)